## પ્રધાનમંત્રીએ જોહાન્સબર્ગમાં G20 શિખર સંમેલન દરમિયાન દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી (23 નવેમ્બર, 2025)

23 નવેમ્બર, 2025

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે G20 શિખર સંમેલન દરમિયાન જોહાન્સબર્ગમાં દક્ષિણ આફ્રિકા ગણરાજ્યના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી સિરિલ રામાફોસા સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રીએ ઉષ્માભર્યા આતિથ્ય અને શિખર સંમેલનના સફળ આયોજન બદલ રાષ્ટ્રપતિ રામાફોસાનો આભાર માન્યો હતો. તેમણે નવી દિલ્હી G20 શિખર સંમેલન દરમિયાન લેવાયેલા નિર્ણયોને આગળ વધારવા અને તેના આધારે નક્કર કાર્ય કરવાના દક્ષિણ આફ્રિકાના G20 પ્રયાસોની પ્રશંસા કરી હતી.

2. ભારત-દક્ષિણ આફ્રિકાના સંબંધોને મજબૂત બનાવતા ઐતિહાસિક સંબંધોને યાદ કરીને, બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી તેમજ વેપાર અને રોકાણ, ખાદ્ય સુરક્ષા, કૌશલ્ય વિકાસ, ખાણકામ, યુવા આદાનપ્રદાન અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિતના વિવિધ સહકાર ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે AI, ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગ વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી. બંને નેતાઓએ દક્ષિણ આફ્રિકામાં ભારતીય કંપનીઓની વધતી હાજરીનું સ્વાગત કર્યું અને ખાસ કરીને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, નવીનતા, ખાણકામ અને સ્ટાર્ટ-અપ ક્ષેત્રોમાં પરસ્પર રોકાણને સુવિધાજનક બનાવવા માટે સંમત થયા હતા. પ્રધાનમંત્રીએ દક્ષિણ આફ્રિકાના ચિત્તાના ભારતમાં સ્થળાંતર બદલ રાષ્ટ્રપતિ રામાફોસાનો આભાર માન્યો હતો અને તેમને ભારતની આગેવાની હેઠળના ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

3. બંને નેતાઓ ગ્લોબલ સાઉથના અવાજને મજબૂત બનાવવા માટે સંયુક્ત રીતે કામ કરવા સંમત થયા. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રીએ IBSA નેતાઓની બેઠક યોજવાની દક્ષિણ આફ્રિકાની પહેલની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિ રામાફોસાએ 2026 માં BRICS ની ભારતની આગામી અધ્યક્ષતા દરમિયાન દક્ષિણ આફ્રિકાના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

જોહાન્સબર્ગ

23 નવેમ્બર, 2025